ખાનગી

# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની સભા શનિવાર, તા. ૦૯/૦૨/૨૦૦૮ના રોજ સાંજે ૬-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. પરિમલભાઇ એચ. ત્રિવેદીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૦૯/૦૨/૨૦૦૮ |
|---|---|---|
| ૧. | ડો. પરિમલ એચ. ત્રિવેદી | હાજર |
| ૨. | ડો. એન. કે. પટેલ | હાજર |
| ૩. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન | ગેરહાજર |
| ૬. | ડૉ. દેસાઇ કેતન ધીરજલાલ | હાજર |
| ૭. | ડૉ. જયેશ અમૃતલાલ ઠકકર | હાજર |
| ૮. | શ્રી મનીષ એમ. દોશી | હાજર |
| ૯. | ડો. રંજના એચ. દ્વિવેદી | હાજર |
| ૧૦. | ડો. શ્રીમતી આર.જી.ભટ્ટ | હાજર |
| ૧૧. | પ્રિ. ડો. ઘનશ્યામભાઇ નાનાભાઇ પટેલ | હાજર |
| ૧૨. | પ્રિ. ડૉ. ચતુરભાઇ પ્રભુદાસ પટેલ | હાજર |
| ૧૩. | પ્રો. શ્રીમતી એસ. આર. પંડયા | હાજર |
| ૧૪. | પ્રો.અજય નાનાલાલ સોની | હાજર |
| ૧૫. | પ્રો. મહેશ ચતુરભાઇ પટેલ | હાજર |
| ૧૬. | પ્રો. રમેશભાઇ જોયતારામ ચૌધરી | હાજર |
| ૧૭. | શ્રી સુધીરભાઇ આઇ. નાણાવટી | હાજર |
| ૧૮. | શ્રી નરહરિભાઇ એચ. અમીન | હાજર |
| ૧૯. | ડો. મુકુલભાઇ શાહ | હાજર |
| ૨૦. | ડો. ડી. જી. પટેલ | હાજર |
| ૨૧. | શ્રી પંકજ શુકલા | હાજર |

૨૨. શ્રી. જે. જે. પટેલ ગેરહાજર

૨૩. શ્રી ધર્મેશ બી. પંડયા હાજર

સભાની શરૂઆતમાં પ્રમુખસ્થાનેથી કુલપતિશ્રીએ સભ્યશ્રીઓનું સ્વાગત કર્યું હતું.

કામકાજની યાદી પરની બાબતો હાથ ધરતા પહેલાં સભ્યશ્રીઓ દ્વારા પાટણની પી.ટી.સી. કોલેજમાં વિદ્યાર્થીનીઓ સાથે થયેલ અત્યાચારના અત્યંત ધૃણાસ્પદ બનાવને વખોડી કાઢ્યો હતો અને ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં આવો બનાવ ન બને તે જોવા કુલપતિશ્રીને વિનંતી કરી હતી.

ગુજરાત યુનિવર્સિટીની ફિક્સ ડિપોઝીટો સમય પહેલાં વટાવીને અન્ય બેંકમાં મૂકવા અંગેના વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થયેલા સમાચારો અંગે સભ્યશ્રી નરહરિભાઇ અમીન, શ્રી સુધીરભાઇ નાણાવટી, ડૉ. કેતનભાઇ દેસાઇ, ડૉ. મુકુલભાઇ શાહ વગેરેએ ચિંતાની લાગણી વ્યક્ત કરી હતી અને હકીકતો રજૂ કરવા કુલપતિશ્રીને વિનંતી કરી હતી. કુલપતિશ્રી દ્વારા યુનિવર્સિટીની ફિક્સ ડિપોઝીટો અને તેની ઉપર મળતા વ્યાજની વિગતવાર માહિતી રજૂ કરવામાં આવી હતી તે મુજબ સમય પહેલાં ફિક્સ ડિપોઝીટો વટાવીને અન્ય રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકતા યુનિવર્સિટીને વાર્ષિક આશરે રૂપિયા ૯૪ લાખનો ફાયદો થવાનું જણાવતાં, સભ્યશ્રીઓએ તેની સાભાર નોંધ લઇને તે બદલ કુલપતિશ્રીને અભિનંદન આપ્યા હતા.

ત્યારબાદ સભ્યશ્રીઓ દ્વારા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે તાજેતરમાં વર્તમાનપત્રોમાં ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિશ્રીની પ્રતિભાને હાનિ પહોંચે તેવા જે સમાચારો પ્રસિધ્ધ થયા છે તેને આ સભા વખોડી નાંખે છે અને કુલપતિશ્રીમાં સંપૂર્ણ વિશ્વાસ જાહેર કરે છે. વધુમાં એમ પણ ઠરાવવામાં આવ્યું કે ઉપકુલપતિશ્રીના નામે જે સમાચારો આવ્યા છે તેને ઉપકુલપતિશ્રી દ્વારા રદિયો આપતી એક જાહેરાત વર્તમાનપત્રોમાં યુનિવર્સિટીના ખર્ચે આપવાનું રાખવું.

ત્યારબાદ કામકાજની યાદીપરની નીચેની બાબતોની વિચારણા હાથ ધરવામાં આવી હતી:

બા.ક્ર.૧. તા.૨૪/૧૦/૨૦૦૭ના રોજ મળેલ એકિઝક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ઠરાવ: **તા.૨૪/૧૦/૨૦૦૭નાં રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.**

**"છેલ્લા પાના નંબર-૫૪ની છેલ્લી લીટીમાં 'પંકજભાઇ શુક્લા' લખેલ છે તેને બદલે સુધારીને 'ડૉ. મુકુલભાઇ શાહ' વાંચવું."**

બા.ક્ર.૨. **કુલપતિશ્રીએ મંજૂર કરેલા નીચેના કાર્યો (જાણ સારૂં.)**

૨(૧). વર્ષ ૨૦૦૮ના પી.જી.મેડીકલ પ્રવેશના મેરીટ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ લઈ તૈયાર કરવા સંદર્ભે ભૌમિક ઠાકોરે ગુજરાતની વડી અદાલતમાં એસ.સી.એ. નં.૨૫૫૦૫/૦૭થી દાદ માંગેલ તે અંગે યુનિવર્સિટીવતી એડવોકેટશ્રી રોક્યાની અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું.

૨(૨). તા.૧/૭/૨૦૦૭ થી પેન્શન/કુટુંબ પેન્શન મેળવતા કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થાના ૬% લેખે દર વધાર્યા અંગેના રાજ્ય-સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક : હગવ-૨૦૦૫-૨૧૭૪-પી, તા.૪/૧૦/૨૦૦૭ના ઠરાવનો સ્વીકાર કરી તેનો યુનિવર્સિટીમાંથી પેન્શન/કુટુંબ પેન્શન મેળવતા કર્મચારીઓ માટે અમલ કર્યાનું.

૨(૩). રાજ્ય સરકારના નાણા વિભાગના સરકારી કર્મચારીઓ માટે ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણ આપવા અંગેના ઠરાવ ક્રમાંક પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ તા.૨/૭/૨૦૦૭નો સ્વીકાર કરી તે યુનિવર્સિટી તથા સંલગ્ન કોલેજના કર્મચારીઓને લાગુ પાડ્યાનું.

૨(૪). ચાણક્ય શિક્ષણ મહાવિદ્યાલય, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧ની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. આર. એસ. પટેલ, (૨) પ્રિ.ડૉ. ઘનશ્યામભાઈ પટેલ, (૩) પ્રિ.ડૉ. એ. ડી. શાહ, (૪) ડૉ. મિલનભાઈ મિસ્ત્રી.

૨(૫). માણેકલાલ એમ. ગાંધી આર્ટસ અને કોમર્સ કોલેજ, મુ.કલોલ, જિ.પંચમહાલની શૈક્ષણિક વર્ષ ૨૦૦૮-૦૯થી દ્વિતીય ગૌણ વિષય તરીકે કોમ્પ્યુટર મેથડઝનું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ.શ્રીમતિ આર. જી. ભટ્ટ, (૨) ડૉ. જ્યોતિ પરીક, (૩) ડૉ. નીશાબેન શાહ (૪) ડૉ. સોનલબેન પંડ્યા.

૨(૬). શ્રી અખિલ આંજણ કેળવણી મંડળ સંચાલિત ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટયુટ, સેકટર-૭, ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી એમ.સી.એ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. સવિતાબેન ગાંધી, (૨) ડૉ. જ્યોતિ પરીક, (૩) ડૉ. સરલાબેન અચ્યુત્તન, (૪) ડૉ. શ્રીમતિ આર. જી. ભટ્ટ.

૨(૭). અગ્રવાલ એજ્યુકેશન મંડળ સંચાલિત વૈદિક ડેન્ટલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, C/o. વૈશ્ય પેથોલોજી લેબોરેટરી, ઝાંપા બહાર, મુ. નાની દમણ, દમણ (U.T.)ની શૈક્ષણિક વર્ષ ૨૦૦૮-૦૯ થી નવી ડેન્ટલ કોલેજ ચાલુ કરવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. ડી. જી. પટેલ, (૨) ડૉ. બાબુભાઈ પરમાર, (૩) ડૉ. કિર્તીભાઈ પટેલ, (૪) ડૉ. દિલીપભાઈ પટેલ.

૨(૮). અમૃતા કોલેજ ઓફ ફાર્મસી એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ, પ્લોટ નં.૧૯, ૨૦, ૨૧, સેકટર-૨૫, ઈલેકટ્રોનીક્સ એસ્ટેટ, ગાંધીનગરને નવી ફાર્મસી કોલેજ ચાલુ

કરવા માટે AICTE, નવી દિલ્હીની મંજૂરી મળેલ હોઈ શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી જોડાણ કાર્યવાહી કરવા માટે આવેલ ટ્રસ્ટની અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ. બી. એન. સુહાગીયા, (૨) પ્રિ: ડૉ. એમ. એન. પટેલ, (૩) ડૉ. બી. વી. પટેલ, (૪) ડૉ. વાય. ટી. જશરાય.

૨(૯). શ્રી વલ્લભસેવા નિકેતન ટ્રસ્ટ સંચાલિત આત્મીય ફાર્મસી કોલેજ, મુ.આંકડીયા, તા.જિ.વડોદરાને નવી ફાર્મસી કોલેજ ચાલુ કરવા માટે AICTE નવી દિલ્હીની મંજૂરી મળેલ હોઈ શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮ની જોડાણ કાર્યવાહી કરવા માટે આવેલ ટ્રસ્ટની અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ.(શ્રીમતિ) આર. જી. ભટ્ટ, (૨) ડૉ. નીશાબેન શાહ, (૩) ડૉ. આર. કે. ગોયલ, (૪) ડૉ. એન. કે. જૈન.

૨(૧૦). શારદાબેન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શારદા સ્કૂલ ઓફ ફાર્મસી, પેથાપુર-મહુડી રોડ, મુ.પેથાપુર, જિ.ગાંધીનગરને AICTE, નવી દિલ્હી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી નવી ફાર્મસી કોલેજ ચાલુ કરવા મંજૂરી આપવામાં આવેલ હોઈ, જોડાણ આપવા માટે ટ્રસ્ટની આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) ડૉ.(શ્રીમતિ) આર. જી. ભટ્ટ, (૨) ડૉ. નીશાબેન શાહ, (૩) ડૉ. આર. કે. ગોયલ, (૪) ડૉ. એન. કે. જૈન.

૨(૧૧). એશિયા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એશિયા કોલેજ ઓફ લૉ, એશિયા કેમ્પસ, ડ્રાઈવ-ઈન રોડ, અમદાવાદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૮-૦૯થી નવા પાંચ વર્ષના ઈન્ટીગ્રેટેડ લોના અભ્યાસક્રમ માટે જોડાણ આપવા આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું. (૧) પ્રિ. રક્ષાબેન દેસાઈ, (૨) પ્રો. એન. કે. પાઠક, (૩) ડૉ.(શ્રીમતિ) આર. જી. ભટ્ટ, (૪) પ્રિ. એલ. એસ. પાઠક.

૨(૧૨). શ્રી ગોપાલક વિકાસ મંડળ સંચાલિત આર. જી. ભરવાડ શ્રી જય વાડીનાથ ડિપ્લોમા ફાર્મસી કોલેજ, મુ.અણિયાદ, જિ.પંચમહાલની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ડિપ્લોમા ફાર્મસી કોલેજ બંધ કરવા અંગે આવેલ અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણો તેમજ ટ્રસ્ટના પ્રમુખશ્રીએ આપેલ બાંહેધરપત્રકને લક્ષમાં લઇને ડિપ્લોમા ફાર્મસી કોલેજ બંધ કરવાની મંજૂરી આપ્યાનું.

**નોંધ :-** ૧. ઉક્ત કોલેજે બે વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ પૂર્ણ કરેલ છે, તેમજ હાલમાં એકપણ વિદ્યાર્થીએ પ્રવેશ લીધેલ નથી.

૨. શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓને આ ટ્રસ્ટની અન્ય ડિગ્રી ફાર્મસી કોલેજમાં સમાવી લીધેલ છે.

૩. શૈક્ષણિક તેમ વહીવટી કર્મચારીઓનું કોઈપણ પ્રકારનું લ્હેણું બાકી નથી તેવું સોગંદનામું રજૂ કરેલ છે.

૨(૧૩). ગાયત્રી કેળવણી મંડળ સંચાલિત બેચલર ઓફ ફિઝીકલ એજ્યુકેશન (બી.પી.ઈ.) એન્ડ ડિપ્લોમા ઈન યોગા એજ્યુકેશન, રેલ્વે સ્ટેશન સામે,

મુ.મહેમદાવાદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે મૂકેલી LIC ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ / દ્વિતીય / તૃતિય બી.પી.ઈ. અને ડિપ્લોમા ઈન યોગા | ૧૦૦ | ચાલું (એડહોક) | તા. ૧૫/૬/૨૦૦૭ થી તા. ૧૪/૬/૨૦૦૮ સુધી |

૨(૧૪). વિઝન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત નેશનલ કોલેજ ઓફ કોમર્સ, યુનિવર્સિટી હોસ્ટેલ સામે, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૬-૦૭નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે મૂકેલી LIC ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|
| પ્રથમ વર્ષ બી.કોમ.<br>દ્વિતીય વર્ષ બી.કોમ. | ચાલું<br>નવું<br>(એડહોક) | તા. ૧૫/૬/૨૦૦૬ થી તા. ૧૪/૬/૨૦૦૭ સુધી |

૨(૧૫). કોલેજ ઓફ આર્કિટેકચર, સરદાર પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, મુ.પો.વાસદ, જિ.આણંદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૬-૦૭નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે મૂકેલી LIC ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બેચલર ઓફ આર્કિટેકચર<br>બેચલર ઓફ આર્કિટેકચર (ઈન્ટીરીયર ડિઝાઈન)<br>બેચલર ઓફ આર્કિટેકચર (બિલ્ડીંગ કન્સ્ટ્રકશન ટેકનોલોજી) | ૪૦<br>૪૦<br>૪૦ | ચાલું (એડહોક) | તા. ૧૫/૬/૨૦૦૬ થી તા. ૧૪/૬/૨૦૦૭ સુધી |

૨(૧૬). એલ. ડી. આર. પી. ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ, સેકટર-૧૫, ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે મૂકેલ LIC ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| મીકેનીકલ એન્જીનીયરીંગ<br>કોમ્પ્યુટર એન્જીનીયરીંગ<br>ઈલેકટ્રોનીક્સ અને કોમ્યુનીકેશન એન્જીનીયરીંગ | ૬૦<br>૧૨૦<br>૧૨૦<br>૬૦ | ચાલું (એડહોક) | તા. ૧૫/૬/૨૦૦૭ થી તા. ૧૪/૬/૨૦૦૮ સુધી |

| | | | |
|---|---|---|---|
| ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગ (સેલ્ફ ફાઈનાન્સ ધોરણે) | | | |

૨(૧૭). ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઓમ કોલેજ ઓફ એજ્યુકેશન, મુ.પો.મોટા ચિલોડા, તા.જિ.ગાંધીનગરને શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી સ્વનિર્ભર ધોરણે ૧૦૦ સીટ સાથે નવી બી.એડ્. કોલેજ ચાલુ કરવા માટે N.C.T.E. ભોપાલ દ્વારા મંજૂરી આપવામાં આવેલ હોઈ, જોડાણ આપવા માટે ટ્રસ્ટની આવેલ અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટ | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બી.એડ. (સ્વનિર્ભર) (માત્ર મહિલાઓ માટે) | ૧૦૦ | નવું (એડહોક) | તા.૧૫-૬-૨૦૦૭ થી તા.૧૪-૬-૨૦૦૮ સુધી |

૨(૧૮). ચરોતર ઈન્સ્ટી. ટેકનોલોજી, મુ.ચાંગા, તા.પેટલાદ, જિ.આણંદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| કોમ્પ્યુટર એન્જીનીયરીંગ<br>ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગ<br>ઈલેકટ્રોનીક્સ અને કોમ્યુનીકેશન<br>એન્જીનીયરીંગ<br>ઈન્ફર્મેશન ટેકનોલોજી<br>મીકેનીકલ એન્જીનીયરીંગ<br>એમ.ઈ. - ઈલેકટ્રીનિક્સ એન્ડ<br>કોમ્યુનીકેશન<br>એમ.ઈ. - મિકેનીકલ એન્જીનીયરીંગ | ૧૨૦<br>૬૦<br>૧૨૦<br>૬૦<br>૧૨૦<br>૧૮<br>૧૮<br>કુલ<br>૫૧૬ | ચાલું<br>ચાલું<br>ચાલું<br>ચાલું<br>ચાલું<br>ચાલું<br>નવું<br>(એડહોક) | તા. ૧૫/૬/૨૦૦૭ થી તા. ૧૪/૬/૨૦૦૮ સુધી |

૨(૧૯). પારૂલ ઈન્સ્ટીટયુટ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી, મુ.પો.લિમડા, તા.વાઘોડિયા, જિ.વડોદરાની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮ થી એમ.બી.એ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| એમ.બી.એ. (સ્વનિર્ભર ધોરણે) | ૬૦ | ચાલું (એડહોક) | તા. ૧૫/૬/૨૦૦૭ થી તા. ૧૪/૬/૨૦૦૮ સુધી |

૨(૨૦). નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ કો-ઓપરેટીવ મેનેજમેન્ટ, ગાંધીનગરનો શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી એમ.સી.એ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| એમ.સી.એ. (સ્વનિર્ભર ધોરણે) | ૬૦ | ચાલું (એડહોક) | તા. ૧૫/૬/૨૦૦૭ થી તા. ૧૪/૬/૨૦૦૮ સુધી |

૨(૨૧). એન. આર. ઈન્સ્ટીટયુટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ (GLS-MBA), એલિસબ્રીજ, અમદાવાદ-૬ની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી એમ.બી.એ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| એમ.બી.એ. (સ્વનિર્ભર ધોરણે) | ૧૨૦ | ચાલું (એડહોક) | તા. ૧૫/૬/૨૦૦૭ થી તા. ૧૪/૬/૨૦૦૮ સુધી |

૨(૨૨). નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ કો-ઓપરેટીવ મેનેજમેન્ટ, ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી એમ.બી.એ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| એમ.બી.એ. (સ્વનિર્ભર ધોરણે) | ૬૦ | ચાલું (એડહોક) | તા. ૧૫/૬/૨૦૦૭ થી તા. ૧૪/૬/૨૦૦૮ સુધી |

૨(૨૩). ઓપ્થેલમીક મિશન ટ્રસ્ટ સંચાલિત દ્રષ્ટિ નેત્રાલય, ચાકલીયા રોડ, દાહોદની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી બી.એસસી. ઓપ્ટોમેટ્રીનું નવું જોડાણ મેળવવા આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| બી.એસસી. ઓપ્ટોમેટ્રી | ૧૫ | નવું (એડહોક) | તા. ૧/૮/૨૦૦૭ થી તા.૩૧/૭/૨૦૦૮ સુધી |

૨(૨૪). પ્લેટીનમ ફાઉન્ડેશન સંચાલિત ગાંધીનગર ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, મુ.પો. મોટી ભોયણ, તા. કલોલ, જિ.ગાંધીનગરની ઈજનેરી વિદ્યાશાખાનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| મીકેનીકલ એન્જીનીયરીંગ<br>કોમ્પ્યુટર એન્જીનીયરીંગ<br>ઈલેકટ્રોનીકસ અને કોમ્યુનીકેશન એન્જીનીયરીંગ<br>ઈન્ફર્મેશન ટેકનોલોજી<br>(સેલ્ફ ફાઈનાન્સ ધોરણે) | ૬૦<br>૬૦ + ૬૦ = ૧૨૦<br>૬૦<br>૬૦<br>(કુલ ૩૦૦) | ચાલું (એડહોક) | તા.૧૫-૬-૨૦૦૭ થી તા. ૧૪-૬-૨૦૦૮ સુધી |

૨(૨૫). બી.વી.ડી. આર્ટસ અને કોમર્સ કોલેજ, થલતેજ, અમદાવાદ-૫૪ની વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાનું શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮થી એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|
| બી.એ.(પ્રિન્સિ) ગુજરાતી, અર્થશાસ્ત્ર, અંગ્રેજી, મનોવિજ્ઞાન,<br><br>બી.એ.(ગૌણ) હિન્દી, સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ઈતિહાસ, સંસ્કૃત, રાજ્યશાસ્ત્ર<br><br>બી.કોમ.માં એડ. એકા. એન્ડ ઓડિટીંગ અને એડ. સ્ટેટીસ્ટીક્સ | ચાલું (એડહોક) | તા. ૧૫/૬/૨૦૦૭ થી તા. ૧૪/૬/૨૦૦૮ સુધી |

૨(૨૬). ચરોતર ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, મુ.ચાંગા, જિ.આણંદની એમ.સી.એ.નું એડહોક જોડાણ શૈક્ષણિક વર્ષ ૨૦૦૬-૦૭થી લંબાવવા માટે આવેલી અરજી પરત્વે મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|
| એમ.સી.એ. (૬૦ વિદ્યાર્થી ક્ષમતા) (સ્વનિર્ભર ધોરણે) | ચાલું (એડહોક) | તા. ૧૫/૬/૨૦૦૬ થી તા. ૧૪/૬/૨૦૦૭ સુધી |

૨(૨૭). પ્રશાંત એન્ડ મિત્તલ કંસારા ફાર્મસી કોલેજ, મુ.પો.પિપળીયા, જિ.વડોદરાની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બી.ફાર્મ (સ્વનિર્ભર ધોરણે) | ૬૦ | ચાલું (એડહોક) | તા.૧૫/૬/૨૦૦૭ થી તા.૧૪/૬/૨૦૦૮ સુધી |

૨(૨૮). ધી એચ. બી. કાપડિયા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત એચ. બી. કાપડિયા કોલેજ ઓફ એજ્યુકેશન, અમદાવાદની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭-૦૮નું એડહોક જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|
| બી.એડ.ના અભ્યાસક્રમ (સ્વનિર્ભર) (૧૦૦ વિદ્યાર્થી ક્ષમતા) | ચાલું (એડહોક) | તા.૧૫-૬-૨૦૦૭ થી તા.૧૪-૬-૨૦૦૮ સુધી |

૨(૨૯). ગોપાલક વિકાસ મંડળ બી.ફાર્મસી કોલેજ, મુ.અણીયાદ, તા.શહેરા, જિ.પંચમહાલની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ બી.ફાર્મ<br>દ્વિતીય વર્ષ બી.ફાર્મ<br>(સ્વનિર્ભર ધોરણે)<br>(માત્ર વિદ્યાર્થીનીઓ) | ૬૦<br>૬૦ | ચાલું<br>નવું<br>(એડહોક) | તા. ૧૫/૬/૨૦૦૭ થી તા. ૧૪/૬/૨૦૦૮ |

૨(૩૦). સીગ્મા ઈન્સ્ટીટયુટ ઓફ સ્ટડીઝ, મુ.બાકરોલ, તા.વાઘોડિયા, જિ.વડોદરાની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮નું એમ.બી.એ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| એમ.બી.એ. (સ્વનિર્ભર ધોરણે) | ૬૦ | ચાલું (એડહોક) | તા. ૧૫/૬/૨૦૦૭ થી તા. ૧૪/૬/૨૦૦૮ સુધી |

૨(૩૧). પારૂલ ઈન્સ્ટીટયુટ એન્ડ ટેકનોલોજી, મુ.પો.લિમડા, તા.વાઘોડિયા, જિ.વડોદરાની શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી

પરત્વે મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| સીવીલ એન્જીનીયરીંગ<br>કોમ્પ્યુટર એન્જીનીયરીંગ<br>ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગ<br>ઇલેકટ્રોનીક્સ એન્ડ કોમ્યુનીકેશન એન્જીનીયરીંગ<br>ઇન્ફોર્મેશન ટેકનોલોજી<br>મીકેનીકલ એન્જીનીયરીંગ | ૩૦<br>૬૦<br>૬૦<br>૧૨૦<br>૩૦<br>૧૨૦ | ચાલું (એડહોક) | તા.૧૫/૬/૨૦૦૭ થી તા.૧૪/૬/૨૦૦૮ સુધી |

૨(૩૨). (૧) નર્મદા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી વિઠ્ઠલભાઈ આઈ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, નિકોલગામ રોડ, અમદાવાદ અને (૨) શ્રી મહાકાળી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી આર. જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, સરસપુર, અમદાવાદ-૧૮ને N.C.T.E., ભોપાલ દ્વારા સ્વનિર્ભર ધોરણે ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી ૧૦૦ સીટ સાથે નવી બી.એડ્. કોલેજ ચાલુ કરવા માટે મંજૂરી આપવામાં આવેલ હોઈ, અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટ | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બી.એડ. (સ્વનિર્ભર) | ૧૦૦ | નવું (એડહોક) | તા.૧૪/૬/૨૦૦૭ થી તા.૧૫/૬/૨૦૦૮ સુધી |

૨(૩૩). પેરાપ્લેજીયા હોસ્પિટલ એન્ડ ફિઝીયોથેરાપી કોલેજ, અસારવા, અમદાવાદ-૧૬ની પ્રોસ્થેટીક અને ઓર્થોટીકનું જોડાણ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮ થી લંબાવવા માટે આવેલી આરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રોસ્થેટીક એન્ડ ઓર્થોટીક | ૧૦ | ચાલું (એડહોક) | તા. ૧-૮-૨૦૦૭ થી તા.૩૧-૭-૨૦૦૮ સુધી |

૨(૩૪). નૂતન એજ્યુકેશન ટ્રસ્ટ, મુ.મોરવા, જિ.ગોધરાની ડિપ્લોમા ઈન ફાર્મસીનું ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮ થી જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ ડિપ્લોમા ઈન ફાર્મસી | ૬૦ | | તા. |

| | | | |
|---|---|---|---|
| (સેલ્ફ ફાઈનાન્સ)<br>દ્વિતીય વર્ષ ડિપ્લોમા ઈન ફાર્મસી | ૬૦ | ચાલુ<br><br>ચાલું<br>(એડહોક) | ૧૫/૬/૨૦૦૭<br>થી<br>તા.<br>૧૪/૬/૨૦૦૮ |

૨(૩૫). એશિયા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત જે. જી. કોલેજ ઓફ નર્સિંગ, સોલા રોડ, અમદાવાદની ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮ થી બી.એસી. (નર્સિંગ)નું જોડાણ ક્રમશઃ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી, મુંબઈમાંથી અત્રે તબદિલ કરવા માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મૂકેલ સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મજબનું જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

**નોંધ :-** SNDT યુનિવર્સિટી, મુંબઈએ આ યુનિવર્સિટીમાં જોડાણ માટે NOC આપેલ છે.

| વિષયો-અભ્યાસક્રમો | સીટ | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ બી.એસસી. (નર્સિંગ)<br>સ્વનિર્ભર | ૪૦<br>(ચાલીસ) | નવું<br>(એડહોક) | તા.૧/૮/૨૦૦૭<br>થી<br>તા.૩૧/૭/૨૦૦૮<br>સુધી |

૨(૩૬). સ્થાનિક તપાસસમિતિના હેવાલની પૂર્તતાને ધ્યાનમાં લઇને નીચે જણાવેલ જે તે કોલેજોને તેમના નામ સામે દર્શાવેલ સમયગાળા માટેનું (ચાલુ) એડહોક જોડાણ જાહેરનામું બહાર પાડ્યાનું.

| ક્રમ | કોલેજનું નામ | વિષયો અભ્યાસક્રમો | સીટ | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|---|---|
| ૧. | જનવિકાસ ટ્રસ્ટ સંચાલિત કોલેજ ઓફ એજ્યુકેશન, અમદાવાદ | બી.એડ્. | ૧૦૦ | નવું<br>(એડહોક) | તા.૧૫/૧૨/૨૦૦૭<br>થી<br>તા.૧૪/૬/૨૦૦૮<br>સુધી |
| ૨. | આકાર અધ્યાપન મંદિર બી.એડ્. કોલેજ, ઓગણજ ગામ, અમદાવાદ. | બી.એડ્. | ૧૦૦ | નવું<br>(એડહોક) | તા.૧૫/૧૨/૨૦૦૭<br>થી<br>તા.૧૪/૬/૨૦૦૮<br>સુધી |
| ૩. | અંજુમન એજ્યુકેશન ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, બાલાશિનોર. | બી.એડ્. | ૧૦૦ | નવું<br>(એડહોક) | તા.૧૫/૧૨/૨૦૦૭<br>થી<br>તા.૧૪/૬/૨૦૦૮<br>સુધી |
| ૪. | નાલંદા બી.એડ્. કોલેજ, મુ.વીરપુર. | બી.એડ્. | ૧૦૦ | નવું<br>(એડહોક) | તા.૧૫/૧૨/૨૦૦૭<br>થી<br>તા.૧૪/૬/૨૦૦૮<br>સુધી |
| ૫. | વિઝન કોલેજ ઓફ એજ્યુકેશન, વિજયચાર રસ્તા, અમદાવાદ-૯. | બી.એડ્. | ૧૦૦ | નવું<br>(એડહોક) | તા.૧૫/૧૨/૨૦૦૭<br>થી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | તા.૧૪/૬/૨૦૦૮ સુધી |
| ૬. | સયાજીપુરા કેળવણી મંડળ સંચાલિત બી.એડ્. કોલેજ, વડોદરા. | બી.એડ્. | ૧૦૦ | નવું (એડહોક) | તા.૧૫/૧૨/૨૦૦૭ થી તા.૧૪/૬/૨૦૦૮ સુધી |
| ૭. | મહેમદાવાદ એજ્યુ. સોસાયટી સંચાલિત બી.એડ્. કોલેજ, મહેમદાવાદ. | બી.એડ્. | ૧૦૦ | નવું (એડહોક) | તા.૧૫/૧૨/૨૦૦૭ થી તા.૧૪/૬/૨૦૦૮ સુધી |
| ૮. | હિલવુડસ એકેડેમિક સંચાલિત બી.એડ્. કોલેજ, સેકટર-૨૫, ગાંધીનગર. | બી.એડ્. | ૧૦૦ | નવું (એડહોક) | તા.૧૫/૧૨/૨૦૦૭ થી તા.૧૪/૬/૨૦૦૮ સુધી |
| ૯. | આઈ. ડી. કોલેજ ઓફ એજ્યુકેશન, ઘાટલોડિયા, અમદાવાદ. | બી.એડ્. | ૧૦૦ | નવું (એડહોક) | તા.૧૫/૧૨/૨૦૦૭ થી તા.૧૪/૬/૨૦૦૮ સુધી |
| ૧૦. | હિરાબા બી.એડ્. કોલેજ, શાહીબાગ, અમદાવાદ-૪. | બી.એડ્. | ૧૦૦ | નવું (એડહોક) | તા.૧૫/૧૨/૨૦૦૭ થી તા.૧૪/૬/૨૦૦૮ સુધી |
| ૧૧. | ઉમિયા કોલેજ ઓફ એજ્યુકેશન, અમરાઇવાડી, અમદાવાદ-૨૬. | બી.એડ્. | ૧૦૦ | નવું (એડહોક) | તા.૧૫/૧૨/૨૦૦૭ થી તા.૧૪/૬/૨૦૦૮ સુધી |
| ૧૨. | શ્રીરામ ચેટીટેબલ ટ્રસ્ટ સંચાલિત બી.એડ્. કોલેજ, મુ.કોયડમ, જિ.ખેડા. | બી.એડ્. | ૧૦૦ | નવું (એડહોક) | તા.૧૫/૧૨/૨૦૦૭ થી તા.૧૪/૬/૨૦૦૮ સુધી |
| ૧૩. | જે. એન. પટેલ બી.એડ્. કોલેજ, મુ.સાલાવાડા, જિ.પંચમહાલ. | બી.એડ્. | ૧૦૦ | નવું (એડહોક) | તા.૧૫/૧૨/૨૦૦૭ થી તા.૧૪/૬/૨૦૦૮ સુધી |
| ૧૪. | ઇંદુસ ઈન્સ્ટી. ઓફ. ટેકનોલોજી એન્ડ એન્જીનીયરીંગ, મુ.રાંચરડા, જિ.અમદાવાદ. | કોમ્પ્યુટર એન્જીનીયરીંગ | ૬૦ | નવું (એડહોક) | તા.૧૫/૧૨/૨૦૦૭ થી તા.૧૪/૬/૨૦૦૮ સુધી |
| ૧૫. | ઇંદુસ ઈન્સ્ટી. ઓફ. ટેકનોલોજી એન્ડ એન્જીનીયરીંગ, મુ.રાંચરડા, જિ.અમદાવાદ. | એમ. બી. એ. | ૬૦ | નવું (એડહોક) | તા.૧૫/૧૨/૨૦૦૭ થી તા.૧૪/૬/૨૦૦૮ સુધી |
| ૧૬. | કલોલ ઈન્સ્ટી. ઓફ ફાર્મસી, | પ્રથમ વર્ષ | ૬૦ | નવું | તા.૧૫/૧૨/૨૦૦૭ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | કલોલ, જિ.ગાંધીનગર. | ફાર્મસી | | (એડહોક) | થી<br>તા.૧૪/૬/૨૦૦૮<br>સુધી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭. | કેસરસાલ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટી., મુ.ભાડજ, જિ.અમદાવાદ. | પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.<br>દ્વિતીય વર્ષ એમ.બી.બી.એસ.<br>તૃતિય વર્ષ એમ.બી.બી.એસ.<br>ચતુર્થ વર્ષ એમ.બી.બી.એસ. | ૧૦૦ | Pending<br>ચાલુ<br>ચાલુ<br>નવું (એડહોક) | તા.૧/૮/૨૦૦૭<br>થી<br>તા.૩૧/૭/૨૦૦૮<br>સુધી |
| ૧૮. | બાબરીયા ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસી, મુ.વરણામા, જિ.વડોદરા. | પ્રથમ / દ્વિતીય વર્ષ ફાર્મસી<br>તૃતિય વર્ષ ફાર્મસી | ૬૦ | ચાલુ<br>નવું (એડહોક) | તા.૧૫/૬/૨૦૦૭<br>થી<br>તા.૧૪/૬/૨૦૦૮<br>સુધી |

૨(૩૭). ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડીકલ રીસર્ચના તા.૧૭/૯/૨૦૦૭ના પત્ર ક્રમાંક-૫૯/૨/૨૦૦૨/બીએમએસ/ટીઆરએમ થી ઝુલોજી વિભાગના નિવૃત્ત પ્રોફેસર ડૉ. યુ. એમ. રાવલની Study on Antioxodative.......... on Experimental Cataract સ્કીમ માટે તા.૧૫/૯/૨૦૦૭ થી તા.૧૪/૯/૨૦૦૮ સમયગાળા માટે રૂા.૨,૭૯,૨૩૩/-ની આર્થિક સહાય મંજૂર કરેલ છે. જેની નોંધ લીધાનું.

૨(૩૮). યુનિવર્સિટીના હિસાબ વિભાગમાં ટેલીફોન ઓપરેટર તરીકે નિમણૂંક પામેલ શ્રીમતી દિપિકાબેન શાહે જુનિ. કલાર્કના સિનિયોરીટી લિસ્ટમાં સામેલ કરી મળવાપાત્ર પ્રમોશન આપવા નામદાર ગુ. યુ. સર્વિસીસ ટ્રીબ્યુનલમાં અરજી કરેલ તે સંદર્ભે તા.૨૮/૧૨/૦૫ના રોજ નામદાર ગુજરાત યુનિવર્સિટી સર્વીસીસ ટ્રીન્યુનલે આપેલ ઓરલ જજમેન્ટ અંગે એડવોકેટશ્રી શેલત સાહેબના અભિપ્રાય મુજબ શ્રીમતી દિપીકાબેન શાહ પાસેથી તા.૧/૭/૮૮ થી કલાર્કની કામગિરિ લેવામાં આવે છે. તે જોતા તા.૧/૭/૮૮ થી તેઓને સિનિયોરિટી લીસ્ટમાં મૂકવા તે સંદર્ભે કુલપતિશ્રીના આદેશ નુસાર ત્રણ સભ્યોની કમિટિ નીમતા તેઓએ તા.૧/૭/૮૮ થી દિપિકાબેન શાહને સિનિયોરિટી લીસ્ટમાં મૂકવા તથા આનુષાંગિક ઉચ્ચત્તર જગ્યા પર બઢતી આપવાની ભલામણ કરેલ છે તે મંજૂર કર્યાનું.

૨(૩૯). ભારતસરકારના ડીએસટી વિભાગના તા.૧૩/૧૨/૨૦૦૭ના પત્રક્રમાંક-એસઆર/એફએસટી/એલએસઆઇ - ૨૮૨/૨૦૦૬ થી બોટની વિભાગ માટે ફીસ્ટ પોગ્રામ હેઠળ પાંચ વર્ષ માટે રૂા.૨૩.૦૦ લાખ (અંકે રૂપિયા ત્રેવીસ લાખ પૂરા)ની આર્થિકસહાય મંજૂર કરેલ છે જેની નોંધ લીધાનું.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલા ઉપરોક્ત ક્રમાંક ૨(૧) થી ૨(૩૯) સુધીના કાર્યોની નોંધ લેવી.**

બા.ક્ર.૩ ડૉ. એ. એસ. નાગર (ભૂતપૂર્વ ડાયરેકટર, ભાષાભવન) તથા તેમના પત્ની તરફથી તેમની સ્વ.સુપુત્રીની યાદમાં મીસીસ રીટાનાગર દેસાઈ ચંદ્રક એમ.એસસી (કેમેસ્ટ્રી) પરીક્ષામાં એનાયત કરવા સારૂ આવેલ દરખાસ્ત નીચેની શરતોને આધિન મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

શરતો

૧. A Medal Called Mrs. Ritanagar Desai (Former Student of Chemistry Dept. Gujarat University & Lecturer S. L. U. College) Medal in Chemistry Shall be awarded every year to the regular Student Studying Chemistry and who scores the highest aggregate marks (MSC I & II total) in the subject of Chemistry.

૨. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટી એકિઝીક્યુટીવ કાઉન્સિલને વખતોવખત કોઇ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવા તેને અધિકાર રહેશે.

૩. ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શક્ય હશે ત્યા સુધી જાહેર કરવામાં આવશે અને શક્ય હશે ત્યાં સુધી પદવીદાન સમારંભ વખતે એનાયત કરવામાં આવશે તેમજ પ્રતિવર્ષ દાતાને જાણ કરવામાં આવશે.

૪. ચંદ્રક એનાયત કરવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહીં.

૫. આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લેવામાં આવશે.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે સદરહુ ચંદ્રકની દરખાસ્ત ઉપરોકત શરતોને આધીન સ્વીકારવાનું રાખવું.**

બા.ક્ર.૪ ડૉ. રંજના હરીશ તરફથી તેમના સ્વર્ગસ્થ બહેનની સ્મૃતિમાં Smt.Rita Nagar Desai Memorial Lecture Series અંગે રૂપિયા પચાસ હજારના પ્રદાનની દરખાસ્ત નીચેની શરતોને આધિન મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

શરતો

૧. The lecture series is to be named as Smt.Rita Nagar Desai, Memorial lecturer Series.

૨. The amount of Rs.૫૦,૦૦૦/- (Fifty Thousand only) is to be deposited in the University Account and the interest being accured per annum is to be utilized for arranging the lecture each year. The interest amount is to be utilized for paying the travel and daily allowances (TADA) to the Guest Speaker and the honourarium of

Rs.૫૦૦/- (Five Hundred Only) per lecture as well as miscellanecous expenditure.

૩. The lecture shall be arranged every year by WDC/or Dept. of English, USL Guj. Uni.

૪. The lecture will be arranged preferably on December ૨૧st each year which happens to be Smt. Nagar Desai&s Death Anniverssary or in the month of December every year.

૫. The topic for such a lecture shall be woman, centered/gender centeresd.

આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લેવામાં આવશે.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે સદરહુ પ્રદાનની દરખાસ્ત ઉપરોકત શરતોને આધીન સ્વીકારવાનું રાખવું.**

બા.ક્ર.૫ હરિ ઓમ આશ્રમ પ્રેરિત કે. એમ. કાંટાવાલા એન્જીન્યરીંગ સંશોધન એવોર્ડ - વર્ષ ૨૦૦૬ એનાયત કરવા મંગાવેલ સંશોધનપત્રો પર આવેલા નિષ્ણાતોની કમિટિના નીચે પ્રમાણેના અહેવાલ પર વિચારણા કરી જાહેર કરવા વિચારણા કરવા બાબત.

| | નિષ્ણાતોના નામ | અભિપ્રાય |
|---|---|---|
| ૧. | ડો. રુપેશ પી. વસાણી | ડો. પી.જે.ગુંદાલીયાને એવોર્ડ આપવા અંગે ભલામણ કરેલ છે. |
| ૨. | ડો. એ. એમ. પભાકર | ડો. પી.જે.ગુંદાલીયાને એવોર્ડ આપવા અંગે ભલામણ કરેલ છે. |
| ૩. | ડો. એન.કે.શેરસીયા | પેપર તપાસવા અંગે સંમતિ માંગતા પત્રો (તા:૧૬/૮, ૨૭/૧૧) લખ્યા હોવા છતાં આજદિન સુધી પ્રત્યુત્તર મળેલ નથી. |

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે સદરહુ સંશોધનપત્રો પર આવેલા નિષ્ણાતોની કમિટિના ઉપરોક્ત અભિપ્રાયને સ્વીકારવાનું રાખવું.**

બા.ક્ર.૬ તા:૬/૨/૨૦૦૮ના રોજ મળેલી ફાઈનાન્સ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

**(નોંધ :- ઉપરોક્ત ફાઈનાન્સ સમિતિની ભલામણ પરિશિષ્ટ-૧ તરીકે સામેલ છે.)**

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે ફાયનાન્સ કમીટીની ઉપરોકત સભાની ભલામણો મંજૂર કરવાનું રાખવું.**

બા.ક્ર.૭ તા:૬/૨/૨૦૦૮ના રોજ મળેલી બાંધકામ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

**(નોંધ :- ઉપરોક્ત બાંધકામ સમિતિની ભલામણ પરિશિષ્ટ-૨ તરીકે સામેલ છે.)**

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે બાંધકામ સમિતિની ઉપરોકત સભાની ભલામણો મંજૂર કરવાનું રાખવું.**

બા.ક્ર.૮ ગુજરાત યુનિવર્સિટીની સેનેટની તા.૨૭/૧૧/૨૦૦૫ના રોજ યોજાયેલ ચૂંટણી સંદર્ભમાં એક અધ્યાપક શ્રી જશવંત ઠક્કર દ્વારા કરવામાં આવેલ અરજી સંદર્ભમાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તા.૨૩/૧૧/૨૦૦૭ના રોજ હુકમ કરી સેનેટની ચૂંટણી અંગેની કાર્યવાહી રદ્દબાતલ ઠરાવતો આદેશ કર્યો છે, જે નિર્ણય પર જસ્ટીસ શ્રી એ. પી. રવાણી (નિવૃત્ત ચીફ જસ્ટીસ, રાજસ્થાન હાઇકોર્ટ)નો અભિપ્રાય લેવામાં આવેલ છે.

ઉપરોક્ત અભિપ્રાયના આધારે શિક્ષણ વિભાગની સેનેટની ચૂંટણી ફરીથી યોજવા અંગે યોગ્ય તે નિર્ણય લેવા વિચારણા કરવા બાબત.

ઠરાવ: **ઉપરોક્ત બાબત ક્રમાંક ૮ અંગે શ્રી સુધીરભાઇ નાણાવટીએ સરકારશ્રીનો હુકમ તેમજ જસ્ટીસ શ્રી એ.પી.રવાણીના અભિપ્રાય અંગે વિસ્તૃત પ્રમાણમાં સમજૂતી આપી હતી. તા. ૨૩-૧૧-૦૭ના શિક્ષણ વિભાગના આદેશ તેમજ તે નિર્ણય પર ગુજરાત યુનિવર્સિટી દ્વારા તા. ૧૫-૧-૨૦૦૮ના રોજ જસ્ટીસ શ્રી એ.પી.રવાણી(નિવૃત ચીફ જસ્ટીસ, રાજસ્થાન હાઇકોર્ટ) ના અભિપ્રાય પર લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી. ચર્ચાને અંતે બહુમતીથી ઠરાવવામાં આવ્યું કે શિક્ષણ વિભાગના આદેશ તેમજ તે ઉપરના અભિપ્રાયને ધ્યાનમાં લેતા શિક્ષક વર્ગની સેનેટની ૪૨ જગ્યાઓની ચૂંટણીની કાર્યવાહી રદ ગણવી અને તે ૪૨ જગ્યાઓ ઉપર નવેસરથી ચૂંટણીની કાર્યવાહી હાથ ધરવી. વધુમાં ઠરાવવામાં આવ્યું કે સેનેટ સભ્યના હોદ્દાની રૂએ તે સભ્યો એક્ઝિક્યુટિવ કાઉન્સિલ કે અન્ય સમિતિ કે સ્ટેચ્યુટરી બોડીમાં નિમણૂંક પામેલ હોય તો તે પણ રદબાતલ થશે અને તે અંગેની પણ ચૂંટણીની કાર્યવાહી હાથ ધરવી.**

**ઉપરોક્ત ઠરાવનો વિરોધ મા. સભ્યશ્રી અજયભાઇ સોની, શ્રી મહેશભાઇ ચતુરભાઇ પટેલ તથા શ્રી રમેશભાઇ જોઇતારામ ચૌધરીએ કર્યો હતો.**

તેઓએ વધુમાં જણાવેલ હતું કે શિક્ષણ વિભાગનો ઠરાવ શ્રી જશવંત ઠક્કર કોમર્સ ફેકલ્ટીમાંથી ઉમેદવારી નોંધાવવાના હતા આથી આ ઠરાવ માત્ર કોમર્સ ફેકલ્ટીને જ લાગુ પાડવો જોઇએ અન્ય ફેકલ્ટીને તે લાગુ પડી શકે નહીં અથવા સરકારશ્રીનો ઓર્ડર વાંચતા આખી સેનેટની ચુંટણી રદ થાય છે. માટે ફક્ત શિક્ષક વર્ગની જ ચૂંટણીની પ્રક્રિયા રદ કરવી જોઇએ નહી.

બા.ક્ર:૯ યુ.જી.સી. કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ રીડર તથા પ્રોફેસરના પ્રમોશન અંગે અધ્યાપકો તરફથી આવેલ પબ્લીકેશન/બુક્સ જે તે વિષયનાં નિષ્ણાંતોને એસેસમેન્ટ માટે મોકલી આપવાનાં હોઈ જુદા જુદા વિષયોના નિષ્ણાંતોની યાદીને મંજૂરી આપવા વિચારણા કરવા બાબત.

ઠરાવ **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત પરત્વે નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.**

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી.

બા.ક્ર:૧૦ ડૉ. રંજના હરીશ દ્વારા Women's Development Cell (WDC) ની કોટેજમાં જરૂરી સુધારા વધારા કરવા માટે રૂ. ૧,૫૦,૦૦૦/- ના રજૂ કરેલ બજેટ તેમજ ભાષાભવન ખાતે ચાલતાં James Reaney Canadian Centreની કામગીરી અંગે વર્ષ ૨૦૦૮-૦૯ માટે રૂ. ૫૦,૦૦૦/- નાં બજેટ પરત્વે વિચારણા કરવા બાબત.

ઠરાવ **આથી ઠરાવવામાં આવે છે કે Women's Development Cell (WDC) ની કોટેજમાં જરૂરી સુધારા વધારા કરવા માટે રૂ. ૧,૫૦,૦૦૦/- ના રજૂ કરેલ બજેટ મંજૂર કરવાનું રાખવું તેમજ વર્ષ ૨૦૦૮-૦૯ માટે James Reaney Canadian Centreની કામગીરી માટેનું રૂ. ૫૦,૦૦૦/- ના રજૂ કરેલ બજેટ યુનિવર્સિટીના ડેવલપમેન્ટ ફંડમાંથી મંજૂર કરવાનું રાખવું**

**ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયુ હતું.**

એમ.એસ.શાહ
**કા.કુલસચિવ**

નં: એકેડેમિક/૨૭૫૦૦/૨૦૦૮
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૯.
તા.૧૪/૦૨/૨૦૦૮